માનવતાની ધર્મભાવના, હૈયે સૌ માનવ લાવે, વેર-ઝેરના પાપ તજીને, મંગળ ગીતો એ ગાવે

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૬૧ | ૨ ડીસેમ્બર, ૨૦૨૦, બુધવાર; કારતક વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# ખેડૂતો અને સરકાર વચ્ચેની બેઠક અનિર્ણિત

### હવે 3 ડીસેમ્બરે બેઠક : નવા કૃષિ કાયદાઓના વિરોધમાં ખેડૂત આંદોલન નહી સમેટાય : નવા કાયદા પર વિચારણા માટે કમિટિ બનાવવાની ઓફર નકારવા ઉપરાંત કેન્દ્રીય પ્રધાને બ્રેક ટાઈમ ઉપર ચા માટે કરેલી ઓફર પણ ઠુકરાવી દીધી





નવી દિલ્હી

ખેડૂતો સતત નવા કૃષિ કાયદાઓનો વિરોધ કરી રહ્યા છે. આ મડાગાંઠને સમાપ્ત કરવા માટે મંગળવારે વિજ્ઞાન ભવન ખાતે સરકાર અને ખેડૂત આગેવાનો વચ્ચે બેઠક મળી હતી. બેઠકમાં સરકારે હાલના કાયદાની સમૂક્ષા માટે ખેડૂત નેતાઓની એક સમિતિ બનાવવાની દરખાસ્ત મૂકી હતી જો કે, આ મુદ્દે ખેડૂતો સહમત થયા ન હતા અને મડાગાંઠ ઉકેલી શકાઈ નહતી. જોકે, ખેડૂતો અને સરકાર વચ્ચે ત્રીજી ડિસેમ્બરે ફરી બેઠક યોજાશે એવી માહિતી મળી છે. નવા કૃષિ કાયદા વિરૂદ્ધ પ્રદર્શન કરી રહેલા ખેડૂત નેતાઓની કેન્દ્ર સરકાર સાથેની પહેલા તબક્કાની વાતચીત પૂર્ણ થઈ ગઈ છે. ખેડૂતોએ આ કાયદા પર ચર્ચા માટે સમિતિ બનાવવાની કેન્દ્રની રજૂઆતને ફગાવી દીધી છે. સરકારે ખેડૂતો સાથે મંગળવાર બપોરે ૩ વાગ્યે વાતચીત શરૂ કરી હતી. લગભગ બે કલાક ચાલી રહેલી બેઠકમાં કેન્દ્રએ જ ખેડૂતોની સામે નવી કમિટી બનાવવાનો પ્રસ્તાવ રાખ્યો હતો. જેમાં સરકાર અને ખેડૂત પ્રતિનિધિઓ ઉપરાંત એક્સપર્ટસને રાખવાની વાત કરી હતી. કેન્દ્રએ ખેડૂતોને મિનિમમ સપોર્ટ પ્રાઈઝ પર પ્રેઝન્ટેશન પણ આપ્યું હતું.

દરમિયાનમાંએમએસપી પર રજૂઆત બાદ મંત્રીઓએ

● અનુસંધાન પાન-૭ પર

# કોરોના ક્યાંથી આવ્યો તે જાણવું ખૂબ જરૂરી : ડબલ્યુએચઓ



### વુહાન જઈને તપાસ કરાશે : અંતિમ ટ્રાયલ બાદ અમેરિકાની દવા કંપની મોડર્ના તેની વેક્સિનની તાત્કાલિક મંજૂરી માટે યુઅસે અને યૂરોપિયન રેગ્યુલેટર્સ સમક્ષ અરજી કરશે

લંડન,તા.૧

'વુ'ના ડાયરેક્ટર જનરલ ટેડ્રોસ ઘેબ્રેયસસનું કહેવું છે કે કોરોના વાયરસ ક્યાંથી આવ્યો, તે જાણવું જરૂરી છે. આ વિશે ડબલ્યુએચઓનું વલણ બિલકુલ સ્પષ્ટ છે. આવું કરીને અમે ભવિષ્યમાં ઊભી થનારી આ પ્રકારની સમસ્યાઓને રોકવામાં મદદ કરી શકીએ છીએ. બીજી તરફ સારા સમાચાર એ છે કે અમેરિકાની દવા કંપની મોડર્ના પોતાની કોરોના વેક્સીનના ઈમરજન્સી ઉપયોગની મંજૂરી માટે અમેરિકા અને યૂરોપિયન રેગ્યૂલેટર્સને અપ્લાય કરશે. વેક્સીનના અંતિમ ચરણના ટ્રાયલ બાદ કંપનીએ દાવો કર્યો કે તે કોરોનાથી લડવામાં ૯૪ ટકા કારગર છે. ટ્રેડોસે કહ્યું કે, અમે તેના સોર્સને જાણવા માટેના તમામ પ્રયાસ કરી રહ્યા છીએ. તેના માટે ચીનના વુહાનથી સ્ટડી શરૂ કરવામાં આવશે.

# કેનેડાના વડાપ્રધાને દેશના ખેડૂત આંદોલન પર ચિંતા વ્યક્ત કરી

ન્યુ દિલ્હી,તા.૧

ભારતની કેન્દ્ર સરકારે ઘડેલા નવા કૃષિ કાયદા વિરુદ્ધ કેનેડાના પ્રમુખ જસ્ટિન ટ્રુડ્રોએ પણ વિરોધ વ્યક્ત કર્યો હતો.

સોમવારે ગુરુ પૂર્ણિમા અને ગુરુ નાનકદેવની જન્મ જયંતી નિમિત્તે શીખોને સંબોધીને કરેલા વિડિયો પ્રવચનમાં તેમણે કહ્યું કે ભારતમાં શીખો દ્વારા કરાઈ રહેલા આંદોલનના સમાચારોથી હું વ્યથિત છું. દેખાવો કરી રહેલા ખેડૂતોના અધિકારોના રક્ષણ માટે કેનેડા સતત શીખ ખેડૂતોની સાથે છે. તેમણે કહ્યું કે અમે શાંતિપૂર્વ વાટાઘાટમાં વિશ્વાસ ધરાવીએ છીએ અને ભારત સરકાર આ સમસ્યાનું શાંતિપૂર્ણ નિરાકરણ લાવશે એવી અમને આશા છે. અત્રે એ યાદ રહે કે ૧૯૮૦ના દાયકામાં ફાટી નીકળેલા ખાલિસ્તાનવાદી આતંકવાદનાં રચનારા કેનેડામાં વસતા હતા. કેનેડામાં અત્યારે પણ શીખોની મોટી વસતિ છે. એટલે કેનેડાની સરકાર શીખોની ભેર ખેંચી રહી હતી.

## તમિલનાડુ, કેરળમાં વરસાદની આગાહી

નવી દિલ્હી, તા. ૧

હવામાન વિભાગે બંગાળની ખાડીમાં વાવાઝોડાની સંભાવના વ્યક્ત કરી છે. હવામાન વિભાગ અનુસાર, બંગાળની ખાડી પર લો પ્રેશનની સ્થિતિનું નિર્માણ થયું છે. જે ડીપ લો પ્રેશરમાં ફેરવાય તેવી સંભાવના છે. તે આગામી ૨૪ કલાકમાં વાવાઝોડામાં ફેરવાઇ શકે છે. આ સાથે જ હવામાન વિભાગે આગામી ૨-૩ ડિસેમ્બરે દક્ષિણ તમિલનાડુ અને કેરળમાં ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. વાવાઝોડાના પ્રભાવને કારણે તમિલનાડુ, પુડુચેરી, કરાઇકલ, કેરળ અને આંધ્રપ્રદેશમાં ૧થી ૪ ડિસેમ્બર દરમિયાન વરસાદ પડી શકે છે.

# સતત બીજા મહિને જીએસટીનું કલેક્શન એક લાખ કરોડને પાર

### કોરોનામાં દેશનું અર્થતંત્ર સાવ જ ખોરવાઈ ગયું : કોરોના મહામારીમાં ઓક્ટોબરમાં ૧.૦૫ લાખ કરોડ, નવેમ્બરમાં જીએસટીનું કલેક્શન ૧,૦૪,૯૬૩ કરોડ

નવી દિલ્હી, તા. ૧

અનલોક પ્રોસેસ દરમિયાન ભારતના અર્થતંત્રમાં સુધારાના સંકેત મળી રહ્યા છે. જેમાં જીએસટી કલેક્શન સતત બીજા મહિને એક લાખ કરોડ રુપિયાથી વધુ રહ્યું. નાણાં વિભાગ દ્વારા જાહેર આંકડાઓ દર્શાવે છે કે, નવેમ્બરમાં જીએસટી કલેક્શન ૧,૦૪,૯૬૩ લાખ કરોડ રુપિયા રહ્યુ હતું. જ્યારે ઓક્ટોબરમાં ૧.૦૫ લાખ કરોડ રુપિયા હતું.

નોંધનીય છે કે, ફેબ્રુઆરી પછી પહેલીવાર જીએસટી કલેક્શનનો આંકડો ઓક્ટોબરમાં એક લાખ કરોડ રુપિયાને પાર થયો હતો જે નવેમ્બરમાં સતત જળવાઈ રહ્યો. નવેમ્બર ૨૦૨૦માં કુલ જીએસટી કલેકશનથી આવક ૧,૦૪,૯૬૩ લાખ કરોડ રુપિયા રહી, જેમાં કેન્દ્રિય જીએસટી ૧૯,૧૮૯ કરોડ રુપિયા, રાજ્ય જીએસટી ૨૫,૫૪૦ કરોડ રુપિયા અને એકીકૃત જીએસટી ૫૧,૯૯૨ કરોડ રુપિયા હતું. જેમાં સેસ કલેક્શન ૮,૨૪૨ કરોડ રુપિયા હતું.

સમીક્ષા હેઠળ મહિનામાં વસ્તુઓની આયાતથી આવક ગત વર્ષના સમાન મહિનાની સરખામણીએ ૪.૯ ટકા વધારે રહી. જ્યાં ઘરેળુ લેવડ-દેવડથી આવક ગત વર્ષના સમાન મહિનાથી ૦.૫ ટકા વધારે રહી હતી. ગત વર્ષની વાત કરીએ તો

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યસભાના સાંસદ અભય ભારદ્વાજનું કોરોનાથી નિધન

### છેલ્લા ત્રણ માસથી સારવાર હેઠળ હતા : વડાપ્રધાન સહિતના નેતાઓની ગુજરાતના સાંસદને અંજલિ

અમદાવાદ, તા. ૧

રાજ્યસભા સાંસદ અભય ભારદ્વાજને કોરોના થયા બાદ છેલ્લા ત્રણ મહિનાથી તેમની



સારવાર ચાલી રહી હતી. સારવાર દરમિયાન આજ રોજ ચેન્નઈની હોસ્પિટલમાં તેમનું નિધન થયું છે. આ અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ દુઃખ વ્યક્ત કરી પરિવારને સાંત્વના પાઠવી છે.

પીએમ મોદીએ સાંસદને શ્રદ્ધાંજલિ પાઠવતા ટ્વીટ કર્યું કે, 'ગુજરાત રાજ્યસભાના સાંસદ અભય ભારદ્વાજ એક પ્રતિષ્ઠિત વકીલ હતા અને સમાજની સેવા કરવામાં મોખરે રહ્યા. દુખદ છે કે રાષ્ટ્રીય વિકાસ માટે જુસ્સેદાર એવા એક તેજસ્વી અને સમજદાર વ્યક્તિ ગુમાવી દીધા છે. તેમના પરિવાર અને મિત્રો પ્રત્યે સંવેદના. ઓમ શાંતિ.

ઉલ્લેખનીય છે કે ગત ૩૧ ઓગસ્ટના રોજ રાજ્યસભાના સાંસદ અભય ભારદ્વાજ અને તેમના પુત્ર કોરોના સંક્રમિત થયા હતા. અભય ભારદ્વાજને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. ફેફસામાં ઈન્ફેક્શનની સારવાર માટે સુરત અને અમદાવાદથી તબીબોની ટીમને રાજકોટ મોકલવામાં આવી હતી. જોકે તેમની તબિયતમાં સુધારો ન દેખાતા તેમને વધુ સારવાર માટે ચેન્નઈ લઈ જવામાં આવ્યા હતા.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ અભય ભારદ્વાજને રાજકોટના સેનાપતિ ગણાવ્યા હતા. નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે અભય ભારદ્વાજની પક્ષ માટેની કામગીરીને બિરદાવી અંજલિ આપી હતી. શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહજીએ અભય ભારદ્વાજની નિષ્ઠાને પ્રેરણારૂપ ગણાવી હતી. પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલે પણ અભય ભારદ્વાજને સમગ્ર પક્ષ વતી ભાવપૂર્વક અંજલી આપી હતી.

# વિશ્વના પ્રદૂષિત શહેરોમાં દિલ્હી બીજા સ્થાને

### પ્રદૂષણના લીધે હૃદયને સૌથી વધુ નુકસાન : સૌથી વધારે પ્રદૂષિત શહેરોની યાદીમાં પાકિસ્તાનના લાહોરને પહેલું સ્થાન, કાઠમાંડૂ લિસ્ટમાં ત્રીજા સ્થાને



ઈસ્લામાબાદ,તા.૧

દુનિયાના સૌથી વધારે પ્રદૂષિત શહેરોના લિસ્ટમાં પાકિસ્તાનના લાહોરને પહેલું સ્થાન મળ્યું છે. તો, આ લિસ્ટમાં નવી દિલ્હીને બીજા નંબર પર જગ્યા આપવામાં આવી છે. મોટી વાત છે કે નેપાળની રાજધાની કાઠમાંડૂને આ લિસ્ટમાં ત્રીજુ સ્થાન મળ્યું છે. આ સાથે જ દુનિયાના સૌથી વધારે પ્રદૂષિત શહેરોમાં ટોપ ત્રણ દક્ષિણ એશિયામાં સ્થિત છે. આ લિસ્ટને યુએસ એર ક્વોલિટી ઈન્ડેક્સના વાયુ પ્રદૂષણના આંકડાઓના આધારે જાહેર કરાયું છે.

આ લિસ્ટ અનુસાર, વાયુ પ્રદૂષણ સૂચકાંક અનુસાર લાહોરમાં અતિસૂક્ષ્મ કણોનું રેટિંગ ૪૨૩ રહ્યું હતું. પાકિસ્તાનની આર્થિક રાજધાની કરાચી એક્યુઆઈમાં સાતમા સ્થાને રહ્યું હતું. ભારતની રાજધાની નવી દિલ્હી ૨૨૯ એક્યુઆઈ સાથે બીજા સ્થાન પર રહ્યું હતું. નેપાળની રાજધાની કાઠમાંડૂ સૌથી વધુ પ્રદૂષિત શહેરોમાં ત્રીજા સ્થાન પર રહ્યું હતું. જ્યાં પીએમ ૧૭૮ નોંધાયુ હતું. અમેરિકાની પર્યાવરણ સંરક્ષણ એજન્સી ૫૦ની અંદર એક્યુઆઈને સંતોષજનક માને છે. લાહોરનો એક્યુઆઈ ૩૦૧ અને તેની ઉપરની શ્રેણીમાં રહ્યું જેને ખતરનાક માનવામાં આવે છે.

## એમ્સના ચીફે કોવેક્સિનનો પહેલો ડોઝ લીધો, કોઈ આડઅસર નહીં

નવી દિલ્હી, તા. ૧

ભારત દુનિયાના એ પસંદગીના દેશોમાં સામેલ છે જ્યાં કોવિડ-૧૯ મહામારી ફેલાવનાર વાયરસની વિરૂદ્ધ લડવામાં સફળતા મળી છે. દિલ્હી સ્થિત અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થાનના ચીફ ન્યુરોસાયન્સ ડૉ.એમવી પદ્મા શ્રીવાસ્તવે કહ્યું કે હવે ભારત સસ્તી રસી બનાવાની રાહ પર પણ આગળ વધી રહ્યું છે. ડૉ.શ્રીવાસ્તવ પાછલા સપ્તાહે કોવેક્સીનના ત્રીજા તબક્કાના ટ્રાયલમાં સામેલ થયા હતા. કોવેક્સીન ભારતની દેશી કોરોના રસી છે જેને આઈસીએમઆરની મદદથી દવા નિર્માતા કંપની ભારત બાયોટેક બનાવી રહ્યા છે. ડૉ.શ્રીવાસ્તવે એક ઈન્ટરવ્યુમાં કહ્યું કે મેં ગયા ગુરૂવારે દિલ્હી એઆઈઆઈએમએસમાં કોવેક્સીનનો પહેલો ડોઝ લીધો હતો. બીજો ડોઝ ૨૮ દિવસ બાદ અપાશે. ૫૫ વર્ષના ડૉ.શ્રીવાસ્તવે કહ્યું કે તેમને રસી લીધા બાદથી હજી સુધી કોઇ સાઈડ ઈફેક્ટ નથી.


FIGHT CORONA M. 90998 72551

સેનેટાઈઝ સર્વિસ

ફ્લેટ | બંગલો | ઓફીસ | બિલ્ડીંગ

૫ લિટર સેનેટાઈઝર તથા ૫ N95 માસ્ક ફ્રી આપવામાં આવશે.

FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી

ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.


## દુઃખદ અવસાન



મારા ધર્મપત્ની **શ્રીમતી જયાબેન ગુણવંતલાલ સોની (માલપુર)** હાલ ગાંધીનગરનું ૭૨ વર્ષની વયે તા-૩૦/૧૧/૨૦૨૦, સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

**હાલની પરિસ્થિતિને ધ્યાને રાખી બેસણું મોકુફ રાખવામાં આવેલ છે.**

**આપ સૌ આપના સ્વગૃહે રહી સદ્દગતના આત્માની શાંતિ માટે પ્રભુ પ્રાર્થના કરવા વિનંતી છે.**

**નિવાસસ્થાન :**
પ્લોટ નં. ૧૫૨૧/૨,
સેક્ટર ૩ ડી, ગાંધીનગર

ગુણવંતલાલ મણીલાલ સોની - ૯૪૨૭૫૨૦૭૯૪
દ. હિમાંશુ ગુણવંતલાલ સોની - ૯૮૯૮૩૯૪૨૯૪
રાજેન ગુણવંતલાલ સોની - ૯૪૨૯૦૬૬૭૩૩

પીયર પક્ષ : સ્વ. ડાહ્યાલાલ વિઠ્ઠલદાસ સોની પરિવાર (શીણાવાડ)